ઊંઝા વિસ્તારમાં જીરૂ-વરિયાળીમાં ભેળસેળની વધતી-જતી ફરિયાદ

ઊંઝા, તા. ૨૨

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી મસાલાની ચીજો જીરૂ અને વરિયાળીમાં અખાદ્ય વસ્તુઓની ભેળસેળ કરીને લોકોના આરોગ્ય સાથે ચેંડા કરવાની હિન પ્રવૃત્તિ ધમધોકાર રીતે ચાલી રહી છે.

તાજેતરમાં ઊંઝા ખાતે માલ ગોડાઉન વિસ્તારની એક ફેક્ટરીમાંથી કથિત ભેળસેળયુક્ત જીરાનો જથ્થો ઝડપાયો હતો. ત્યાં ઊંઝા-ઉનાવા વચ્ચે આવેલ એક ફેક્ટરીમાંથી અંદાજે રૂપિયા એક લાખની કિંમતનો વરિયાળીનો ભેળસેળયુક્ત જથ્થો કબજે કરાયેલ છે.

વિગત એવી છે કે ઊંઝા-ઉનાવા વચ્ચે હાઈવે પર આવેલ શ્રીહરિ ક્લીનિંગ ફેક્ટરીમાં વરિયાળીના હલકા માલ પર લીલો અખાદ્ય રંગ ચઢાવીને તેને બેસ્ટ રંગદાર માલ બનાવીને બહાર વેચાણ કરી ધૂમ નફાખોરી કરવામાં આવી રહ્યાની હકિકતના આધારે મહેસાણા ખોરાક અને ઔષધ નિયમનતંત્રના અધિકારીઓની ટુકડીએ અચાનક દરોડો પાડ્યો હતો. આ સમયે હલકી કક્ષાની વરિયાળી પર લીલા રંગનો અખાદ્ય પદાર્થ ભેળવીને તેને બેસ્ટ કલર માલ બનાવવામાં આવી રહ્યાનું માલુમ પડતાં અંદાજે રૂપિયા એક લાખની કિંમતની મત્તાનો બે હજાર કિલોગ્રામ વજનનો વરિયાળીનો ભેળસેળયુક્ત જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ફેક્ટરીના માલિક રાકેશભાઈ ગોવિંદભાઈ પટેલ દ્વારા નાણાં કમાવવાની લ્હાયમાં આ ગોરખધંધો કરવામાં આવી રહ્યો હતો તેવું તપાસમાં બહાર આવ્યું છે.

ઊંઝા તાલુકામાં વર્ષોથી ચાલતી ભેળસેળની પ્રવૃત્તિને સદંતર અટકાવવા માટે સરકારીતંત્ર તરફથી કડક પગલાં ભરાતાં નથી. પરિણામે આવી ગેરકાયદે પ્રવૃત્તિએ વેગ પકડ્યો છે. કહે છે કે ઊંઝા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ ગોડાઉનો, ફેક્ટરીઓ તેમજ કેટલીક ક્લીનિંગ ફેક્ટરીઓમાં મસાલાની ચીજો જીરૂ અને વરિયાળીમાં ભેળસેળ કરવાની પ્રવૃત્તિ બેરોકટોક ચાલી રહી છે.

હિંમતનગરના ગાંભોઈ પાસે પુલ પરથી બસ પલ્ટી બાજુના રોડ પર પટકાતા બે'ના મોત

૨૦ થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જીલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર ૮ પર ગાંભોઈ પાસે આવેલા સરવણા બ્રિજ પર ખાનગી બસ પલટી જતા બસમાં સવાર બે ના મોત થયા હતા તો ૨૦થી વધુ ઘાયલ થયા હતા. રાજસ્થાન તરફથી આવતી આ ટ્રાવેલ્સ બસ પુલ પરથી અચાનક નીચેના રોડ પર પડી હતી જેમાં બે ના મોત થયા છે તો બસમાં સવાર અન્ય ત્રણ લોકોની હાલત ગંભીર હોવાથી તાત્કાલિક સારવાર અર્થે હિંમતનગર સીવીલમાં ખસેડવામાં આવ્યા હતા. અન્ય ૧૫ થી વધુ ઘાયલોને ગાંભોઈની સીવીલ અને હિંમતનગરની સીવીલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોચી ટ્રાવેલ્સને નીકાળવાના પ્રયાસો હાથ ધરી વધુ તપાસ હાથ ધરી છે.

અરવલ્લીના જળાશયોમાં નવા નીર

પાંચ પૈકી ત્રણ જળાશયોમાં પાણી આવ્યા : ઉપરવાસમાં પડેલા વરસાદથી આવ્યા નીર : અરવલ્લીમાં ધીમીધારે વરસાદ

અરવલ્લી, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં મેઘરાજાએ ધીમીધારે વરસવાનું શરૂ કરી સમગ્ર જિલ્લાના લોકોને ઘરમાં બેસી રહેવા મજબુર કર્યા છે ત્યારે ઉપરવાસમાં થઈ રહેલા વરસાદના કારણે જિલ્લાના પાંચ પૈકી ૩ જળાશયોમાં નવા નીર આવ્યા છે.

મેઘરાજા ચારેકોર શ્રીકાર સ્વરૂપે વરસી રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લા પર પણ પોતાની મહેર વરસાવી છે. જિલ્લાના મોડાસા અને ધનસુરામાં વહેલી સવારથી જ મેઘરાજાએ પોતાની ઈનિંગનો પ્રારંભ કરી દેતા સાંજ સુધીમાં ચારે કોર પાણી પાણી કરી દીધું હતું. આ સિવાય બાયડ, ભીલોડા, મેઘરજ અને માલપુરમાં પણ વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો. મોડાસાનગરના નીચાણવાળા વિસ્તારો પૈકી બસ સ્ટેશન પાછળ, કોટિયર્ક હોલ તરફ, ડૂગરવાડા માર્ગ, સિદ્ધિવિનાયક મંદિર તેમજ અન્ય વિસ્તારોમાં પાણી ભરાઈ જતા વાહનચાલકો સહિત સામાન્ય લોકોને પરેશાનીનો ભોગ બનવું પડ્યું હતું.

શનિવારે વહેલી સવારથી સાંજ સુધીમાં ધનસુરા તાલુકામાં ૩ ઈંચ, મોડાસામાં ૨ ઈંચ, માલપુરમાં ૨ ઈંચ વરસાદ પડ્યો હતો જયારે ભીલોડા, મેઘરજ અને બાયડમાં ૧ ઈંચ વરસાદ પડ્યો હતો. મોડાસા તાલુકાના સરડોઈ ગામે ભારે વરસાદમાં એસ.ટી. બસ. ફસાતા ભારે અફડાતફડી મચી હતી.ગામ લોકોએ મહામહેનતે બસને વરસાદી પાણીમાંથી બહાર કાઢતા મુસાફરોએ હાશકારો અનુભવ્યો હતો.

દાંતા તાલુકાના લોટોલ-માણેકનાથમાં જિલ્લાકક્ષાના વન મહોત્સવની ઉજવણી

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના લોટોલ નજીક આવેલ પવિત્ર સ્થાનક માણેકનાથ ધામ ખાતે શ્રમ અને રોજગાર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ તથા જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના ૬૮ મા વન મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીએ પ્રાસંગીક પ્રવચનમાં વૃક્ષોનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે સજીવ સૃષ્ટિના અસ્તિત્વ માટે વૃક્ષો હોવા બહુ જરૂરી છે ત્યારે આપણે સૌ સાથે મળી રાજય અને રાષ્ટ્રને સમૃધ્ધ બનાવીએ. તેમણે કહ્યું કે દર વર્ષે દરેક વ્યક્તિ દ્વારા અમુક વૃક્ષો ઉછેરવાનો નિર્ધાર કરીએ તો વિશાળ સંખ્યામાં વૃક્ષો ઉછેરી શકાય અને પર્યાવરણનું સરસ જતન થાય. તેમણે ઉમેર્યું કે પર્યાવરણનું જતન કરવાથી નિયમિત સારો વરસાદ આવે છે અને દુષ્કાળ જેવી સમસ્યાઓને દૂર કરી શકાય છે. મંત્રીએ કહ્યું કે વૃક્ષની પૂજા કરવાની આપણી ભવ્ય સંસ્કૃતિ સમગ્ર વિશ્વને પ્રેરણા આપે છે ત્યારે આપણે આપણી મહાન સંસ્કૃતિને અનુસરી વિશાળ સંખ્યામાં વૃક્ષોનો ઉછેર કરી પર્યાવરણની સમતુલા જાળવીએ. તેમણે જણાવ્યું કે ગરમીના પ્રમાણમાં થઈ રહેલ સતત વધારા સામે સમતુલા જાળવવા વિશાળ સંખ્યામાં વૃક્ષોનો ઉછેર કરીએ. જંગલોનો વિસ્તાર વધારવા અને ઠેરઠેર વિશાળ સંખ્યામાં વૃક્ષોનો ઉછેર થાય એ માટે રાજય સરકાર દ્વારા સંગીન પ્રયાસો કરવામાં આવે છે એમ તેમણે ઉમેર્યું હતું.. મંત્રી ઠાકોરે કહ્યું કે વૃક્ષોનો આયોજનપૂર્વક ઉછેર કરવામાં આવે તો તેનાથી સારી આવક પણ મેળવી શકાય છે. વૃક્ષોનો કાળજીપૂર્વક ઉછેર કરવા નાગરિકોને તેમણે ભારપૂર્વક અનુરોધ કરતાં જણાવ્યું કે વૃક્ષ ઉછેરના સુંદર કામમાં બાળકો પણ રસ કેળવે તે માટે તેમનો ઉત્સાહ વધારી પ્રેરણા આપીએ. મંત્રીએ કહ્યું કે ઔષધીય વૃક્ષોનો ઉછેર કરવાથી સારી આવક મેળવી શકાય છે. ઔષધીય વૃક્ષો અને છોડનું મહત્વ સમજાવતાં તેમણે કહ્યું કે તુલસી જેવા છોડમાં ઘણી શકિત હોય છે જેનો શ્રેષ્ઠ દવા તરીકે ઉપયોગ થાય છે. આયુર્વેદનું મહત્વ સમજાવતાં તેમણે કહ્યું કે ઔષધીય વૃક્ષો અને છોડના ઉપયોગ અંગે જાણકારી મેળવી તંદુરસ્ત સમાજનું નિર્માણ કરીએ.

ભિલોડા તાલુકામાં તસ્કરોનું રાજ

ઘાંટી ગામમાં બંધ મકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા રૂ.૭૨,૦૦૦/-ની માલમત્તાની ચોરી

ભિલોડા,તા.૨૨

ભિલોડા તાલુકામાં ઉપરા ઉપરી ઘરફોડ નાની-મોટી ચોરીઓના બનાવોનું પ્રમાણ વધતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા તાલુકાના ઘાંટી ગામમાં એક બંધ મકાનમાં મધ્યરાત્રે અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. સોના-ચાંદીના ઘરેણા તેમજ રોકડા રૂપિયા કુલ મુદ્દામાલની કિંમત રૂા.૭૨,૦૦૦/-ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ ગયા હતા. ભિલોડા તાલુકામાં તસ્કર રાજનું સામ્રાજ્ય દિન-પ્રતિ-દિન ફુલીફાલી રહ્યું છે ત્યારે અવાર-નવાર ચોરીઓના બનાવો પ્રકાશમાં આવતા પ્રજાજનોમાં ભારે નારાજગી પોલીસ તંત્ર તરફ જોવા મળી રહી છે.

ઘાંટી ગામના દિનેશચંદ્ર સુરજીભાઈ બલાતના બંધ મકાનમાં મધ્યરાત્રે અજાણ્યા તસ્કરોએ મકાનનું તાળુ તોડી મકાનની અંદર પ્રવેશ કરી ઘરવખરીનો સામાન રફેદફે કરી નાખ્યા બાદ લોખંડની તિજોરીનું તાળુ તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂપિયા સહિત વિવિધ ચીજવસ્તુઓ કુલ મુદ્દામાલની કિંમત રકમ રૂા.૭૨,૦૦૦/-ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં મકાન માલીક જ્યારે ઘરે આવ્યા ત્યારે ચોંકી ઉઠ્યા હતા. ઘાંટી ગામના દિનેશચંદ્ર સુરજીભાઈ બલાતએ ચોરીના બનાવ સંદર્ભે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ધ્વારા ડોગ સ્કવોડ અને એફ.એસ.એલ.ની મદદ ધ્વારા ચોરીનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો.તસ્કર ટોળકી રાજસ્થાન તરફની હોવાની આશંકા સેવાઈ રહી છે. ઘરફોડ ચોરીઓ કરતી તસ્કર ટોળકીની ગેંગ પ્રોફેશનલ હોવાની આશંકા સેવાઈ રહી છે. ભિલોડા તાલુકા મથક ખાતે શકમંદ ઈસમો માલુમ પડે તો તાત્કાલીક ધોરણે પુછપરછ હાથ ધરાય છે.ઘરફોડ ચોરીઓ કરતી તસ્કર ટોળકી ઝડપી લેવા ચક્રો ગતિમાન કરાયા છે.

ડીસા મુકામે બાંધકામ શ્રમિકોના આરોગ્યની ચકાસણી માટે ધન્વન્તરી આરોગ્ય રથનું પ્રસ્થાન

પાલનપુર, તા. ૨૨

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ ધ્વારા ડીસા મુકામે હવાઈ પીલ્લર ખાતે બોર્ડના ડાયરેકટર શશીકાંતભાઈ પંડ્યાના અધ્યક્ષસ્થાને શ્રમિકોના આરોગ્યની ચકાસણી માટે ધન્વન્તરી આરોગ્ય રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતુ. ધન્વન્તરી રથમાં ૧ ડાકટર, ૧ લેબટેકનીશીયન, ૧-ફાર્માસીસ્ટ, ૧ પેરામેડીકલ સ્ટાફ અને ૧ પાઈલોટ મુકવામાં આવ્યા છે. આ રથ કન્સ્ટ્રકશન સાઈટ અને બાંધકામ શ્રમિકોના વિસ્તારમાં જઈ શ્રમિકોના આરોગ્યની તપાસ કરશે અને જરૂરી દવા, લોહી તપાસ તથા સારવાર સ્થળ પર જ આપશે.

આ પ્રસંગે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના ડાયરેકટર શશીકાંતભાઈ પંડ્યાએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતુ કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને પ્રગતિશીલ સરકારના પ્રણેતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સીધા માર્ગદર્શન હેઠળ બાંધકામ અને અન્ય શ્રમિકોની નોંધણી માટે છેલ્લા બે વર્ષથી ઝુંબેશરૂપે કામગીરી કરવામાં આવી રહી છે જેના લીધે રાજયમાં સાડા પાંચ લાખથી વધુ શ્રમિકોની નોંધણી કરવામાં આવી છે. તેમણે કહ્યું કે વિવિધ કન્સ્ટ્રકશન સાઈટ પર કામ કરતાં શ્રમિકોને લાભ આપવા શ્રમયોગીઓના કલ્યાણ માટે રાજય સરકારે અનેકવિધ મહત્વની ઉદાર યોજનાઓ અમલી બનાવી છે. જે શ્રમીકોને સારી રીતે ઉપયોગી નિવડી રહી છે. તેમણે કહ્યું કે પહેલાં બાંધકામ શ્રમિકોની નોંધણી માટે કોન્ટ્રાકટરનું પ્રમાણપત્ર ફરજીયાત હતુ. પરંતું આ સરકારે તેને નાબૂદ કરી હવે બાંધકામ શ્રમિક પોતે જ બાંહેધરી આપીને નોંધણી કરાવી શકે તેવી સરળ નોંધણી પ્રક્રિયા બનાવી છે. જેનાથી શ્રમિકોને શ્રમિક તરીકેની નોંધણી કરાવવામાં મુશ્કેલી પડતી નથી. તેમણે કહ્યું કે બાંધકામના સ્થળોએ શ્રમિકોને માત્ર રૂ.૧૦ માં ભોજન આપવા માટે આપણા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદથી અન્નપૂર્ણા યોજનાનો પ્રારંભ કરાવ્યો છે.

મોડાસામાં ટપક સિંચાઈ પદ્ધતિમાં ૧૮ ટકા જીએસટી દૂર કરવા માંગ

મોડાસા, તા. ૨૨

જીજીઆરસી પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતના ખેડૂતોને ટપક સિંચાઈ પદ્ધતિ વસાવવા માટે સરકાર તરફથી સબસીડી સહાય આપવામાં આવે છે. તેમાં આ અગાઉ કોઈ ટેક્ષ કે વેરો લેવામાં આવતો ન હતો. પરંતુ હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા વન નેશન વન ટેક્ષના સૂત્ર હેઠળ જીએસટી નામનો નવો ટેક્ષ લગાવવામાં આવેલ છે. તેમાં ટપક સિંચાઈ પદ્ધતિમાં ૧૮ ટકા જીએસટી લગાવવામાં આવેલ છે. ટપક સિંચાઈ પદ્ધતિ એ પ્રધાનમંત્રીનો ડ્રીમ પ્રોજેક્ટ છે અને તેમનો ઉદ્દેશ વધુમાં વધુ ખેડૂતો ટપક સિંચાઈ પદ્ધતિ વસાવે તેવો છે. પરંતુ હાલમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન મળતા, રાસાયણીક દવા ખાતરના વધુ ખર્ચ, મજુરી ખર્ચ વધતા ટપક સિંચાઈ વસાવવા તરફ પ્રેરીત થયેલ છે. પરંતુ હાલમાં ટપક સિંચાઈ માટે સરકાર તરફથી ૭૦ ટકા અને ૮૦ ટકાના ધોરણે સબસીડી અપાય છે.

પરંતુ અત્યારે જીએસટીના ટેક્ષમાં ટપક સિંચાઈ પદ્ધતિમાં ૧૮ ટકા જેવો ટેક્ષ નાખતા અમો ખેડૂતોને જે એક હેક્ટર દીઠ નાના ખેડૂતોને હેક્ટરે અંદાજીત ૨૦,૦૦૦ રૂપિયા ભરવાના થતા હતા તે હવેથી ૧૮ ટકા જીએસટી લગાવવાથી ૩૮,૦૦૦ રૂપિયા ભરવાના થાય છે. અને મોટા ખેડૂતોને જે ૧ હેક્ટરે અંદાજીત ૩૦,૦૦૦ રૂપિયા ભરવાના થતા હતા તે ૧૮ ટકા જીએસટી લગાવવાથી ૪૮,૦૦૦ રૂપિયા ભરવાના થાય છે. આવા સંજોગોમાં અમે ખેડૂતોને ટપક સિંચાઈ પદ્ધતિ વસાવવી શક્ય નથી. આવા સંજોગોમાં દેશમાં આમેય ખેડૂત આત્મહત્યાના બનાવો દિવસે દિવસે વધતા જાય છે. આવામાં ટપક સિંચાઈ પદ્ધતિ વસાવવામાં વધતા જતા ખર્ચને લીધે ટપક સિંચાઈ પદ્ધતિ ન વસાવી શકતા ઉત્પાદનમાં ઘટાડો અને ખર્ચમાં વધારો થશે. જેથી ખેડૂતની આર્થીક સ્થિતિ બગડશે તેવો ભય ઉભો થયો છે.

પ્રાંતિજના વાઘપુર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાઘપુર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વાઘપુર સહિત આજુબાજુના ગામોનાં લોકોએ લાભ લીધો હતો. પ્રાંતિજના વાઘપુર ખાતે આવેલ પ્રાથમિક શાળામાં સરકાર દ્વારા આયોજીત સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લાભાર્થીઓને લાભ મળે તે હેતુથી સ્થળ ઉપર આખી કચેરી ઉભી કરવામાં આવી હતી. જેમાં રેશનકાર્ડ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, મા અમૃત યોજના, વાત્સલ્ય કાર્ડ સહિતની યોજનાઓનો સ્થળ ઉપર તાત્કાલિક લાભાર્થીઓને નોંધણી કરી કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યાં હતાં. જયારે વનવિભાગ અધિકારી કે.પી. પટેલ દ્વારા પણ વુક્ષોનું વિતરણ કરવામાં આવ્યું હતું અને વાઘપુર સહિત ભાગપુર, નવાપુરા, રામપુરા વગેરે ગામોમાંથી હજારોની સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો હતો. જયારે પ્રાંતિજ-તલોદ પ્રાંત અધિકારી એ.આર. ચૌધરી, તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયા, પ્રાંતિજ મામલતદાર ડી.એલ. રાઠોડ સહિત વગેરે અધિકારીઓ સ્થળ ઉપર ઉપસ્થિત રહ્યાં હતાં અને લોકોને સરકારની યોજનાઓ અને લાભ વિશે માહીતિ આપી તેમના પ્રશ્નોનો સ્થળ ઉપરજ નિકાલ કર્યો હતો.

ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય પ્રતિભા શોધ કસોટી આપવા જોગ

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી પાલનપુરની અખબારી યાદીમાં જણાવાયું છે કે ચાલુ વર્ષમાં ધો-૧૦ માં અભ્યાસ કરતા વિધાર્થીઓ માટે એન.સી.ઈ.આર.ટી. પુરસ્કુત રાષ્ટ્રીય પ્રતિભા શોધ કસોટી (એનટીએસઈ) બે તબક્કામાં લેવાનાર છે. પ્રથમ તબક્કાની પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા તા. ૫-૧૧-૨૦૧૭ને રવિવારના રોજ યોજવામાં આવશે. આ અંગેનુ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ૧૮-૭-૨૦૧૭ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરવામા આવેલ છે. પરીક્ષા માટેના આવેદન પત્રો રાજય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www.sebexam.rog પર શાળા દ્વારા તા. ૧-૮-૨૦૧૭ થી તા.૩૦-૮-૨૦૧૭ દરમ્યાન ઓનલાઈન ભરવામા આવશે. આ પરીક્ષા બન્ને તબક્કામા પાસ કરનાર વિધાર્થીએ એન.સી.ઈ.આર.ટી. ન્યુ દિલ્હી દ્વારા આગળના અભ્યાસ માટે નિયમાનુસાર શિષ્યવૃત્તિ મળવા પાત્ર થશે. શાળાએ ભરેલા આવેદન પત્રો જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી પાલનપુર ખાતે તા. ૬-૯-૨૦૧૭ સુધીમા જમા કરાવવાના રહેશે.

જે વિધાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમા ધો-૧૦ મા સરકારી ગ્રાન્ટેડ ખાનગી અથવા લોકલ બોડી સ્કૂલમા અભ્યાસ કરતા હોય તેવા વિધાર્થીઓ આ પરીક્ષા આપી શકશે. મુક્ત દૂરવર્તી શિક્ષણ કેન્દ્રમા અભ્યાસ કરતા હોય અને નોકરી ન કરતા ૧૮ વર્ષથી ઓછી ઉમરના પ્રથમ વખત ધો-૧૦ની પરીક્ષામા ઉપસ્થિત થનાર હોય તે વિધાર્થી પણ આ પરીક્ષા આપી શકશે. આ પરીક્ષા માટે એનસીઈઆરટી દ્વારા નક્કી થયા મુજબ વિધાર્થીના વાલીની કોઈ આવક મર્યાદા ધ્યાને લેવાની નથી.

મહેસાણા જિલ્લામાં ૨૭ જુલાઈથી નર્મદા મહોત્સવની શરૂઆત

મહેસાણા, તા. ૨૧

'નમો નર્મદા સુખી સર્વદા', નર્મદા મૈયા થકી મહેસાણા જિલ્લાનો અવિતર વિકાસ થયો છે. મા નર્મદાની આ વિકાસ ગાથાને લોકો સમક્ષ રજુ કરવા માટે ૨૭ જુલાઈથી ૫ ઓગષ્ટ દરમિયાન નર્મદ રથનું આયોજન કરાયું છે. મહેસાણા જિલ્લામાં નર્મદા રથ કડી, જોટાણા, વિજાપુર અને બેચરાજી તાલુકાના તમામ ગામોમાં પરિભ્રમણ કરનાર છે.

આ ગામોમાં સિંચાઈ અથવા પીવાના પાણીથી સીધો ફાયદો નર્મદા અને સુઝલામ સુફલામ થકી મળ્યો છે. આ ઉપરાંત ઉંઝામાં૭,વિસનગરમાં ૧૨, ખેરાલુંમાં ૧૨ અને વડનગરમાં ૫ ગામોમાં નર્મદા રથયાત્રાનું આયોજન કરાયું છે. ૮ ઓગષ્ટથી ૧૦ ઓગષ્ટ દરમિયાન કરણનગર ખાતે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાનાર છે. નર્મદા મહોત્સવ દરમિયાન સાયકલ રેલી,સ્કુટર રેલી,વકૃત્વ,ચિત્ર,નિબંધ સ્પર્ધાઓ સહિતના પ્રોત્સાહનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જિલ્લામાં નર્મદા મહોત્સવમાં લોકો જોડાય તે માટે જિલ્લા કલેકટર આલોક કુમાર દ્વારા અપીલ કરાઈ છે.